ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

છઠ્ઠો માળ, ગિફ્ટ વન, માર્ગ-૫-સી, ઝોન-૫,

ગિફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨ ૩૫૫, ગુજરાત.

## પબ્લીક નોટીસ

## ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા હયાત વિનિયમોમાં વિવિધ સુધારાઓ અંગેના મુસદ્દાઓ અને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિજ વિતરણ પરવાનેદારની કામગિરીના ધોરણો) વિનિયમો, ૨૦૨૨ ના મુસદ્દા અંગે વાંધા /સુચનો આમંત્રિત કરે છે

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે, વિજ અધિનિયમ,૨૦૦૩(૨૦૦૩ નો અધિનિયમ ૩૬) અને ગુજરાત વિદ્યુત ઉદ્યોગ(પુર્નગઠન અને નિયમન) અધિનિયમ, ૨૦૦૩(૨૦૦૩ નો ગુજરાત અધિનિયમ-૨૪) ની વિવિધ કલમો દ્વારા સુપરત કરાયેલ સત્તાઓ તથા આ અંગે તેને સક્ષમ બનાવતી સત્તાઓની રૂએ, હયાત વિનિયમોને ભારત સરકાર દ્વારા નોટિફાઇ કરાયેલ ઇલેક્ટ્રીસીટી (રાઇટ ઓફ કન્ઝ્યુમર્સ) રૂલ્સ ૨૦૨૦ સાથે સુસંગત કરવા માટે નીચે મુજબના મુસદ્દાઓ તૈયાર કરેલ છે;
(૧) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુસંગીક બાબતો)(ત્રીજો સુધારો) વિનિયમો, ૨૦૨૨,(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને ઓમ્બુડસમેન)(પ્રથમ સુધારો)વિનિયમો, ૨૦૨૨,(૩) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(જામીન અનામત)(ત્રીજો સુધારો) વિનિયમો, ૨૦૨૨,(૪) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(પુરવઠો પુરો પાડવા પેટે કરેલ ખર્ચ અને પ્રકીર્ણ ખર્ચ વસુલ કરવા પરવાનેદારને સત્તા)(ત્રીજો સુધારો) વિનિયમો ૨૦૨૨,(૫) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(વિજ વિતરણ પરવાનેદારની કામગિરીના ધોરણો) વિનિયમો ૨૦૨૨.
આયોગ દ્વારા સંબંધિત મુસદ્દાઓ અને તે અંગે સમજુતી પુરી પાડતા લખાણો આયોગની વેબસાઇટ **www.gercin.org** પર વાંધા/સૂચનો આમંત્રિત કરવા માટે મુકવામાં આવેલ છે.
આથી જાહેર કરવામાં આવે છે કે, સદર મુસદ્દાઓ અંગે જે વ્યક્તિઓ પોતાના વાંધા/સુચનો રજુ કરવા ઇચ્છતા હોય તેઓએ તેમના પુરા નામ અને સરનામા સાથે વાંધાઓ/સુચનોની પાંચ નકલો જરૂરી સોગંદનામા સાથે તા. ૨૫/૦૩/૨૦૨૨સુધીમાં સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, છઠ્ઠો માળ, ગીફ્ટ વન, રોડ-૫-સી, ઝોન-૫, ગીફ્ટ-સીટી, ગાંધીનગર, ગુજરાત-૩૮૨ ૩૫૫ ને મોકલી આપવા.

સહિ/-

(રૂપવંત સિંઘ, આઇ.એ.એસ)

તા.૧૯/૦૨/૨૦૨૨ — સચિવ

ગાંધીનગર — જીઈઆરસી